મુંબઈ ઇલાકાની ભૂગોળનો
ટૂંકો સાર.

૨૯૬૫

ત્રીજા ધોરણના વિદ્યાર્થીઓ માટે

નકશા સહીત

છપાવી પ્રસિદ્ધ કરનાર

શા. પુરૂષોત્તમ વિઠ્ઠલ ગીગાભાઈ

અને

વોહરા અબદુલહુસેન આદમજી

બુકસેલર. મુ૦ ભાવનગર.

આવૃત્તિ ૧ લી.

અમદાવાદ

આગાખાની હવેલીમાં યુનાઈટેડ પ્રિન્ટિંગ અને
જનરલ એજન્સી કંપની "લિમિટેડ"ના પ્રેસમાં
રણછોડલાલ ગંગારામે છાપ્યો.

સંવત ૧૯૫૨ ના આસો સને ૧૮૯૬.

કિંમત ૦-૧-૦ આની.

ત્રીજા ધોરણના વિદ્યાર્થીઓને માટે.

મુંબઈ ઈલાકાની ભૂગોળનો ટુંકો સાર.

૨૯૯૯

વ્યાખ્યા.

૧ જમીનના જે ભાગોમાં ઘણા દેશો આવેલા હોય તેને ખંડ કહેછે.

૨ જમીનના જે ભાગને ફરતું પાણી હોય તેને બેટ કહેછે

૩ જમીનના જે ભાગની ત્રણ બાજુએ પાણી ને એક બાજુએ જમીન હોય તેને દ્વીપકલ્પ કહેછે.

૪ જે સાંકડો જમીનનો ભાગ જમીનના બે મોટા ભાગને સાંધે તેને સંયોગીભૂમી કહેછે.

૫ જમીનની જે અણી લાંબી થઈને સમુદ્રમાં ગએલી હોય તેને ભૂશીર કહેછે.

૬ જમીન ઉપર લાંબા ગએલા સમુદ્રના ફાંટાને અખાત કહેછે.

૭ અખાતનું મોં પોહોળું હોય તો તેને ઉપસાગર કહેછે.

૮ ખારા પાણીના મોટા ભાગને મહાસાગર કહેછે.

૯ મહાસાગરથી નાનો ભાગ હોય તેને સમુદ્ર કે સાગર કહેછે.

૧૦ જમીનનો ભાગ થોડો ઉંચો હોય તેને ડુંગર કહેછે, તે

જો વધારે ઊંચો હોય તો તેને **પર્વત** કહેછે. તળીઆથી જોડાએલા ડુંગર કે પર્વતોને **પર્વતોની હાર** કહેછે.

૧૧ જમીનનો જે ભાગ સપાટ હોય તેને **મેદાન** કહેછે.

૧૨ પહાડો ઉપર આવેલા પ્રદેશને **ઉચ્ચપ્રદેશ** કહેછે.

૧૩ ઊંચી જગાએથી જુદી જુદી દિશાઓમાં પાણી વેહેતું હોય તેને **જળાશય કે જળક્ષેપ પ્રદેશ** કહેછે.

૧૪ જમીનથી વીંટાએલા પાણીના ભાગને **સરોવર** કહેછે.

૧૫ મીઠા પાણીનો જે પ્રવાહ પર્વત કે સરોવરમાંથી નીકળી ઢળતી જગ્યામાં થઈ સમુદ્ર કે બીજી કોઈ જગ્યાને મળે છે તેને **નદી** કહેછે.

૧૬ નદી જે જગ્યાએથી નિકળે તેને **મૂળ** ને જે જગ્યાએ મળે તેને **મુખ** કહેછે.

૧૭ નાની નદી મોટી નદીને જે જગ્યાએ મળે તેને **સંગમ** કહેછે.

૧૮ સમુદ્રને મળતાં પહેલાં ભરતીનું પાણી માંહે આવે એવું જે નદીનુ મુખ પોહોળું હોય તેને **ખાડી** કહેછે.

૧૯ દરિયા કાંઠે જે શેહેર હોય ને ત્યાં વહાણ આવતાંજતાં હોય તો તેને **બંદર** કહેછે.

૨૦ જે શેહેર પાસે થઈને રેલવે જતી હોય અને તે ઠેકાણેથી લોકોની તથા માલની ચડા ઉતરી થતી હોય તો તેને **સ્ટેશન** કહેછે.

૨૧ જે ભાગમાં દેશીરાજા રાજ્ય કરતા હોય તેને **સંસ્થાન** કહેછે.

૨૨ જે ભાગમાં ઘણાં સંસ્થાન આવેલાં હોય તેને [illegible]

૨૩ જે ભાગોમાં ઘણા પ્રાંત આવેલા હોય [illegible] ઉપર અમલ રાખવા પોલીટિકલ [illegible] હોય તેને ઇલાકો કહેછે.

૨૪ સરકારનો જે [illegible] મુલક તેને જીલ્લો કહે છે.

૨૫ જીલ્લાના ઉપરી અમલદારને કલેક્ટર કહેછે.

૨૬ મોટા ઇલાકાનો ઉપરી જે અમલદાર હોય તેને ગવર્નર કહેછે.

૨૭ દરિયાનું પાણી વારાફરતી ચડે તેનું નામ ભરતી અને ઉતરે તેનું નામ ઓટ કહેવાય છે.

મુંબઈ ઇલાકાનું ટુંકું વર્ણન.

હદ—ઉત્તર, વાયવ્ય, અને ઇશાનકોણમાં બલુચિસ્તાન, પંજાબ ને રજપૂત સંસ્થાનો છે. પૂર્વે અને અગ્નિ બાજુ મધ્ય હિંદુસ્તાનનાં દેશિ સંસ્થાનો, મધ્યપ્રાંત, વરાડ અને નિજામનું રાજ્યછે. દક્ષિણે મદ્રાસ ઇલાકો ને મ્હેસુર અને પશ્ચિમે અરબી સમુદ્ર છે.

ભાગો—મુંબઈ ઇલાકાના પાંચ ભાગ છે. ઉપરથી શરૂ કરતાં ૧ સિંધ, ૨ કચ્છ, ૩ ગુજરાત, ૪ મહારાષ્ટ્ર. એમાં દક્ષિણ અને કોકણ એ બે છે, ૫ દક્ષિણ મહારાષ્ટ્ર અને ઉત્તર કાનડા.

ઉપર જણાવેલા પાંચ ભાગમાં જીલ્લા, પોલીટીકલ એજન્સી અને મુખ્ય શેહેરો નીચે મુજબ છે.

(૧) સિંધપ્રાંત.	મુખ્ય શેહેરો.
૧ સિંધનો ઉપલો સરહદનો મુલક....	જેકબાબાદ.
૨ શિકારપુર જીલ્લો.	શિકારપુર.
૩ હૈદરાબાદ જીલ્લો.	હૈદરાબાદ.
૪ કરાંચી જીલ્લો....	કરાંચી.
૫ થરપારકર.	ઉમરકોટ.
૬* ખૈરપુર સંસ્થાન.	ખૈરપુર.
(૨) કચ્છદેશ.	ભુજ.

(૩) ગુજરાતપ્રાંત.

૧ સુરત જીલ્લો....	સુરત.
૨ ભરૂચ જીલ્લો.	ભરૂચ.
૩ ખેડા જીલ્લો..	ખેડા.
૪ પંચમહાલ.	ગોધરા ને દાહોદ.
૫ અમદાવાદ જીલ્લો....	અમદાવાદ.
૬ કાઠિયાવાડ એજન્સી.	રાજકોટ.
૭ પાલણપુર એજન્સી.	પાલણપુર ને ડીસા.
૮ મહિકાંઠા એજન્સી.	સાદરા ને ઈડર.
૯ રેવાકાંઠા એજન્સી....	નાંદોદ, બારીઆ અને લુણાવાડા.
૧૦ ગાયકવાડનો મુલક.	વડોદરા.
૧૧ ખંભાત સંસ્થાન	ખંભાત.
૧૨ પંચમહાલ એજન્સી.	નારૂકોટ.

* એ મુસલમાની રાજ્ય છે.

૧૩ સુરત એજન્સી. ... ...વાંસદા, ધરમપુર અને સચીન.

૪ મહારાષ્ટ્ર (મુંબઈ [illegible])

(અ)

કોંકણ.

૧ થાણા જીલ્લો... ... ...થાણા.

૨ જવ્હાર સંસ્થાન. ... ...જવ્હાર.

૩ કોલાબા જીલ્લો. ... ...અલીબાગ.

૪ જંજીરા સંસ્થાન. ... ...જંજીરા.

૫ રત્નાગિરી જીલ્લો ... ...રત્નાગિરી.

૬ સાવંતવાડી સંસ્થાન. ... ...સાવંતવાડી.

(બ)

દક્ષિણ પ્રાંત

૧ ખાનદેશ જીલ્લો.... ... ...ધુળીયા.

૨ ખાનદેશ એજન્સી.

૩ નાશીક જીલ્લો.... ... ...નાશીક.

૪ પેંઠ સંસ્થાન ... ...પેંઠ.

૫ અહંમદનગર જીલ્લો ... ...અહંમદનગર.

૬ પુણા જીલ્લો. ... ...પુણા.

૭ સતારા જીલ્લો. ... ...સતારા.

૮ સતારા જાગીર. ... ...ભોર, ફલડન, ઔ-
ધ, જત,

૯ સોલાપુર જીલ્લો. ... ...સોલાપુર.
૧૦ અકલકોટ સંસ્થાન. ... ...અકલકોટ.

(૫) દક્ષિણ મહારાષ્ટ્ર અને ઉત્તર કાનડા.

૧ કલાદગી જીલ્લો.... ... ...કલાદગી.
૨ બેલગામ જીલ્લો ... ...બેલગામ.
૩ કોલાપુર સંસ્થાન... ... ...કોલાપુર.
૪ દક્ષિણ મરેઠા જાગીર.... ... ...સાંગલી, જમખિં-ડી, મીરજ, કુરૂંદ-વાડ, મુધોળ ને રા-મદુર્ગ.
૫ ધારવાડ જીલ્લો... ... ...ધારવાડ.
૬ સાવનુર સંસ્થાન. .. ..સાવનુર.
૭ ઉત્તર કાનડા જીલ્લો. .. ..કારવાડ.

મુંબઈ ઇલાકાનાં મુખ્ય દેશી રાજ્યો.

(૧) સિંધમાં ખૈરપુર, (૨) કચ્છ (૩) ગુજરાતમાં વડો-દરા, ખંભાત, ભાવનગર, જુનાગઢ, જામનગર, ઇડર, પા-લણપુર, નાંદોદ, પાલણપુર વીગેરે ઘણાં છે. ૪ મહારાષ્ટ્ર-માં કોલ્હાપુર, અકલકોટ, પેંઠ, સાવનુર ૫ કોકણ, તેમાં જવ્હાર જંજીરા. સાવંતવાડી વીગેરે ઘણાંછે.

મુખ્ય નદીઓ અને તે ઉપરનાં શહેરો.

૧ સિંધુ—હિમાલય પર્વતના કૈલાશ શીખરમાંથી નીકળી

અરબીસમુદ્રને મળેછે તેનાપર સખર, હૈદરાબાદ, ઠઠ્ઠા, કરાંચી, શીકારપુર, મીઠાણી, કોટ્રી વીગેરે શેહેરોછે.

૨ ભાદર—જસદણ પાસેના મદાવા ડુંગરમાંથી નિકળી જસદણ, કુતિઆણા, જેતપુર તથા નળીબંદર પાસે થઈ અરબી સમુદ્રને મળેછે.

૩ શેત્રુંજી—ગીર પર્વતમાંથી નીકળી ધારી, પાલીતાણા તથા તળાજા પાસે થઈ ખંભાતના અખાતને મળેછે.

૪ બનાસ—શિરોહીના ડુંગરમાંથી નીકળી ડીસા, તથા રાધનપુર પાસે થઈ કચ્છના રણને મળેછે.

૫ સરસ્વતિ—શીરોહીના ડુંગરમાંથી નિકળી સિદ્ધપુર પાસે થઈ કચ્છના રણને મળેછે.

૬ સાબરમતી—મહીકાંઠાના પહાડમાંથી નીકળી સાદરા તથા અમદાવાદ પાસે થઈ ખંભાતના અખાતને મળેછે

૭ મહી—માળવાના ડુંગરમાંથી નીકળી લુણાડા તથા ખંભાત પાસે થઈ ખંભાતના અખાતને મળેછે.

૮ વિશ્વામિત્રી—રેવાકાંઠાના ડુંગરમાંથી નીકળી વડોદરા પાસે થઈ ઢાઢરને મળેછે.

૯ ઢાઢર—રેવાકાંઠાના ડુંગરમાંથી નીકળી ટંકારીઆ પાસે થઈ ખંભાતના અખાતને મળેછે.

૧૦ નર્મદા—સાતપુડા પર્વતમાંથી નીકળી ચાણોદ, ક્યાળી નાંદોદ અને ભરૂચ પાસે થઈ ખંભાતના અખાતનેમળેછે.

૧૧ તાપી—સાતપુડા પર્વતમાંથી નીકળી બુરાનપુર, બોધાણ,

રહિર, માંડવી ને સુરત પાસે થઈ અરબી સમુદ્રને મળેછે.

૧૨ ગોદાવરી—સંહ્યાદ્રી પર્વતમાંથી નીકળી નાશીક પાસે થઈ બંગાળાના ઉપસાગરને મળેછે.

૧૩ ભિમા—સંહ્યાદ્રી પર્વતમાંથી નીકળી પંડરપુર પાસે થઈ કૃષ્ણાને મળેછે.

૧૪ કૃષ્ણા—સંહ્યાદ્રી પર્વતમાંથી નીકળી જમખંડી, કૃષ્ણાપુરે, અને સતારા પાસે થઈ બંગાળાના ઉપસાગરને મળેછે.

૧૫ પાંજરા—સંહ્યાદ્રી પર્વતમાંથી નીકળી ધુળીયા પાસે થઈ તાપીને મળેછે.

૧૬ મૂળામુઠા—સંહ્યાદ્રી પર્વતમાંથી નીકળી પુના પાસે થઈ ભીમાને મળેછે.

૧૭ સિના—સંહ્યાદ્રી પર્વતમાંથી નીકળી અહમદનગર પાસે થઈ ભીમાને મળેછે.

નદીઓના સંગમ.

સાબરમતીને—વાત્રક, ભોગાવો, હાથમતી, અને ખારી

નર્મદાને—ઉમરાવતી.

તાપીને—પુર્ણા, પાંજરા ને ગીરણા.

કાવેરીને—અંબીકા તથા ખરેરા,

ઢાઢરને—વિશ્વામિત્રી

સેઢી ને—મોહોર ને લુણી.

ભીમાને—સીના. નીરા, અને મુળામુઠા.

કૃષ્ણાને—ભીમા, પંચગંગા, તુંગભદ્રા, [illegible]ના ને વારણા.

કચ્છના અખાતને મળનારી નદીઓ—[illegible]

કચ્છના રણને મળનારી નદીઓ—મચ્છુ, ફુલકુ, બાભણ બનાસ ને સરસ્વતી.

અરબી સમુદ્રને મળનારી નદીઓ—સિંધુ, ભાદર, તાપી એ વધુ મોટી છે. એ સિવાય મીંઢોળા, પુર્ણા, અંબીકા વીગેરે સુરત જીલ્લાની અને બગડ, ધાતરવડી વીગેરે કાઠીયાવાડની ઘણી નાની નદીઓ છે.

ખંભાતના અખાતને મળનારી—સાબરમતી, મહી, ઢાઢર, કીમ, નર્મદા, શેત્રુંજી, સુકભાદર વીગેરે બીજી ઘણી નાની નદીઓ છે.

બંગાળાના ઉપસાગરને મળનારી—ગોદાવરી, કૃષ્ણા વીગેરે

મુખ્ય પર્વતો.

સિંધમાં હાલા અને પબ, કચ્છમાં કાળો ધીણોધર ને નનામો. કાઠીયાવાડમાં, ચોટીલો ગીરનાર, શેત્રુંજય, બડો, ગીર ને વાલકગીર મોરધાર તથા લાંબધારના ડુંગરાઓ. ગુજરાતમાં આબુ, આરાસુર, પાવાગઢ ને દક્ષિણ તરફમાં સાતપુડા, સંહ્યાદ્રી અથવા પશ્ચિમઘાટને ચાંદવડ વીગેરે મુખ્ય છે.

મોટાં બંદરો—કરાંચી, માંડવી, દ્વારકાં, પોરબંદર, વેરાવળ, દીવ, જાફરાબાદ, ભાવનગર, ઘોઘા, ધોલેરા, ખંભાત

ભરૂચ, સુરત, વસઈ, મુંબઈ, રત્નાગીરી,રાજાપુર, વિજયદુર્ગ, ગોવા કારવાડ, હોનાવર વીગેરે ઘણાંછે પણ તે સર્વમાં મુંબઈ, કરાંચી ને કારવાડ એ સૌથી શ્રેષ્ઠછે.

જાત્રાનાં ઠેકાણાં—હીંગળાજ, નારાયણસર; કોટેશ્વર, દ્વારકાં ગીરનાર, પ્રભાસપાટણ, શેત્રુંજો, ડાકોર. બહુચરાજી, અંબાજી, શામળાજી, વડતાળ, શુકલતિર્થ, ચાણોદ, કન્યાળી,નાશીક,ત્રંબક. પંઢરપુર, એ હિંદુઓનાં તથા ઉદવાડો પારશી લોકોનું જાત્રાનું ઠેકાણુંછે.

હવા ખાવાનાં ઠેકાણાં—કચ્છમાંડવી, બાબાચડી, ગોપનાથ, વેરાવળ, ભીમડી, પુરંદર, મહાબળેશ્વર, ભીમાશંકર, ખંડાલે, બોરઘાટ, માથેરાન, નીલગીરી વીગેરે.

પવિત્રનદીયો—સિંધુ. ઘેલો, સરસ્વતિ, સાબરમતિ, નર્મદા. તાપી, ગોદાવરી વીગેરે.

પરદેશી સંસ્થાનો—દીવ,દમણ ને ગોવા. ફીરંગીના ને જંજીરા તથા જાફરાબાદ હબશીના તાબામાંછે.

દ્વીપકલ્પ—કાઠીયાવાડ ઈલાકો.

ભૂશિર—જગતપોઈંટ, દીવ, રામસ વીગેરે.

અખાત—કચ્છનું તથા ખંભાતનું.

બેટ—બેટ, દીવ, સાષ્ટિ, મુંબઈ, ધારાપુરી, કરંજે વીગેરેછે. વળી નર્મદા નદીમાં કાસબા તથા ધંતુરીયા નામે બે નાના બેટછે.

છાવણીની જગ્યા—કરાંચી, રાજકોટ, ડીસા, સાતારા, માલેગામ, પુના વીગેરે.

રેલવેસ્ટેશનો—શિકારપુર, હૈદરાબાદ, કરાંચી, ભાવનગર, ધોળા, ધ્રાંગધ્રા, વઢવાણ, અમદાવાદ, પાલણપુર, ડીસા, વડોદરા, ભરૂચ, સુરત, મુંબઈ, થાણા, નાશિક, પુના, સોલાપુર, ધારવાડ વીગેરે ઘણાંછે.

ઊન—થરપારકરનું તથા કચ્છનું.

રાજાઓનીઅટક—કચ્છના રાવ, નવાનગરના જામ. જુનાગડ, રાધણપુર, ખંભાત, સચીનના નવાબ, પોરબંદરના રાણા, પાલણપુરના દિવાન, ભાવનગર, ઇડર ને કોલાપુરના મહારાજ ને વડોદરાના ગાયકવાડ વીગેરે.

પ્રખ્યાતીવાળા શેહેરો.

સિંધમાં—શિકારપુર તેમાં ખાદી, હાથીદાંતનાં રમકડાં માટીનાં વાસણ ગલીચા વીગેરે—હૈદરાબાદ. તેમાં શેત્રંજી, રેશમી તથા સુતરાઉ કાપડ, માટીનાં વાસણ ને ચામડાની વસ્તુ. હાલા—સિંધી ટોપી ને માટીનાં વાસણ, કરાંચી—(દેવલગામ) દાણા તથા ઘી ઘણું થાયછે. તે સિવાય ત્યાં સુતરાઉ કાપડ, માટીનાં વાસણ ને કામળા સારા બનેછે.

કચ્છ—કચ્છના ઘોડા સિવાય ભૂજની સોનારૂપાની કારીગરીનું કામ તથા ભરત અંજારનાં ચાપુ, ને વાગડનાં

મઠ બાજરો સારો થાયછે.

ગુજરાત—કાઠિયાવાડી ઘોડા, ઝાલાવાડી ઝુંમણાં, શીહોરનાં તાંબા પીતળનાં ઠામ, ચોરવાડનાં નાગરવેલી પાન, બગસરાના ચોફાળ, કુંડલાનાં ધોતિયાં, નવાનગરનું કંકુ, બાંધણીની સાડી, રાંધણપુરનું ઘી, મોલપરની ડાંગેર, છોટા ઉદેપુર, રાજપીપળા ને નાંદોદ તરફ ઈમારતી લાકડાં, પાટણનાં પટોળાં તથા માટીનાં વાસણ, કડીના બળદ, વિજાપુરનું અફીણ, ખંભાતના અકીકના પથ્થર ને સુત્રફેણી, અમદાવાદના કાગળ તથા રેશમી તથા સુતરાઉ કાપડ, પાટડીમાં વરાગડુ મીઠું, ધોળેરામાં રૂ, કાસીંદ્રાનો ગોળ, કપડવંજના કાચ, સાબુ, બોરસદમાં ગળી, સુખડ, ઝીરૂં તથા તંબાકુ, ભરૂચની તંબાકું સુરતની બરફી. પેથાપુરની બાંધણી સાડી, બંદુક, ને આમોદમાં ચપ્પુ સારા થાય છે.

માહારાષ્ટ્ર—(દક્ષિણસાથે) નાશીકમાં તાંબા પીતળનાં ઠામ, પેઠની પાઘડી, પુનાનાં પાન, જતમાં સુરોખાર ને લોઢું, ધારવાડ તથા બારશીનું રૂ. ભીમડી તથા પનવેલના ચોખા, ગોવાનાં કોકમ. ને થાણાનાં અબોટીયાં વખણાય છે.

ગુજરાતના જીલ્લાવાર તાલુકા.

૧ સુરત જીલ્લો—તેના આઠ તાલુકા છે. ૧ ચોરાશી ૨ વલસાડ, ૩ ચીખલી, ૪ જલાલપુર, ૫ બારડોલી. ૬ માંડવી, ૭ પારડી, ૮ ઓરપાડ.

૨ ભરૂચ જીલ્લો—તેના પાંચ તાલુકા છે. ૧ ભરૂચ, ૨ અંકલેશ્વર, ૩ વાગરા, ૪ આમોદ, ૫ જંબુસર.

૩ ખેડા જીલ્લો—તેના સાત તાલુકા છે. ૧ કપડવંજ, ૨ ઠાસરા, ૩ નડીયાદ ૪ મેહેમદાવાદ, ૫ માતર, ૬ આણંદ, ૭ બોરસદ.

૪ પંચમહાલ—તેના ૩ તાલુકા છે. ૧ ગોધરા, ૨ કાલોલ, ૩ દાહોદ.

૫ અમદાવાદ જીલ્લો—તેના સાત તાલુકા છે. ૧ પ્રાંતીજ, ૨ વીરમગામ, ૩ ધોળકા, ૪ દસક્રોઈ, ૫ ધંધુકા, ૬ ગોઘા, ૭ સાણંદ.

કચ્છનાં સોળ પ્રગણાં.

૧ પાવર, ૨ મીઆણી, ૩ બની, ૪ પચ્છમ, ૫ ખડિર, ૬ પ્રાંથલ, ૭ વાગડ, ૮ અંજાર ચોવીશી, ૯ ભુજડ ચોવીશી, ૧૦ હાલા ચોવીશી, ૧૧ કાંઠી, ૧૨ મોડાસા, ૧૩ અબડાસા, ૧૪ કંડ, ૧૫ ગરડો, ૧૬ માક.

આ સોળ પ્રગણાંના આઠ જીલ્લા ઠરાવ્યા છે.

પ્રાંતવાર મોટાં ગામો.

प्रांत सींध.

જેકુબાબાદ, શિકારપુર, હૈદરાબાદ, કરાંચી, ઉમરકોટ, સક્કર, બક્કર. રોરી, મીરપુર, છોટકી, લારખાનો; મેહેર, સેવાન, ખેરપુર, મિયાની, હાલા, ઝરક, કોટ્રી, શાહબંદર, મનોરા, ઠઠ્ઠા, મસલામકોટ, નગરપારકર.

प्रांत कच्छ.

ભુજ, માંડવી, મુન્દ્રા, ગુણા, ભદ્રેશ્વર, લખપત, જખૌ, નારાયણસર, રાપર, કોઠારા, નળીયા, કેરા, અંજાર, ભચાઉ, અધોઈ. કંથકોટ, બેલા.

प्रांत गुजरात.

પાલણપુર, ડીસા, રાધનપુર, કાંકચ, મુજપુર, તેરવાડા, આબુ, ઇડર, દાંતા. અહમદનગર, મોહનપુર, માણસા, રણાસણ, ઘોડાસર, સાદ્રા, નાંદોદ, સુંથ, લુણાવાડા, રાજપીપળા, છોટાઉદેપુર, દેવગઢબારીઆ, વાડાસિનોર, વડોદરા, ડભોઈ, સિધપુર, પાટણ, કડી, મેસાણા, માંડળ, ખંભાત, અમદાવાદ, પ્રાંતિજ, વિરમગામ, ધોળકા, ધંધુકા,

ધોળેરા, સાણંદ, ખેડા, કપડવંજ, માતર, ઠાસરા, ડાકોર, મહુધા, આણંદ, નડીયાદ, ઉમરેઠ, બોરસદ, મેહેમદાવાદ, ગોધ્રા, શહેરા, દાહોદ, ઝાલોલ, હાલોલ, વેજલપુર, પાવાગઢ, નારેકોટ, ભરૂચ, આમોદ, અંકલેશ્વર, જંબુસર, શુક્લતિર્થ, ટંકારીઆ, સુરત, પારડી, વલસાડ, ચીખલી, જલાલપુર, ઓરપાડ, માંડવી, રામનગર, સચીન, વાંસદા, દમણ.

महाराष्ट्र. (कोंकण.)

ઠાણા. જવ્હાર, મુંબઈ, વાંદ્રે, વસઈ, અગાશી, કલ્યાણ, ભીમડી, પનવેલ, ધારાપુરી, સાષ્ટી, અલીબાગ, જંજીરા, રત્નાગીરી, સાવંતવાડી, ગોવા, વેંગુર્લે, હર્ણાઈ,

दक्षिण.

ધૂળીયા, માલેગામ, નંદુબાર, બાગલાણ, નાશીક, ત્રંબક, ચાંદવડ, પેંઠ, અહમદનગર, પૈઠણ, સંગમેશ્વર, સોલાપુર, પારશી, ખડકી, પુના, પુરંદર, બોરઘાટ, ભીમાશંકર, સતારા, મહાબળેશ્વર, કોરેગામ, ભોર, જત, ફલટણ, ઔંદ, અકલકોટ,

दक्षिण (महाराष्ट्र.)

કોલાપુર, બેલગામ, ગોકાક, મીરંજ, સાંગલી, મુંધોળ,

રામદુર્ગ, [illegible]વાડ, હુબલી, કલાદગી, વિજાપુર. બદામી.

[illegible]

સાવનુર, કારવાડ, [illegible], વગેરે.

સમાપ્ત.

જાહેરખબર.

[illegible]ર ખુનરેછે કે મારી દુકાનેથી નીચે [illegible] ઉર્દુ, અરબી, ફારસી, ગુજરાતી, [illegible] તથા ડીક્શનેરી, તથા સ્કુલમાં ચાલતી [illegible] બુકોના તમામ મીનીંગ વિગેરે તમામ [illegible] ફડી કિમતે કીફાયત ભાવે મળશે [illegible] ઠેકાણેથી પણ મળશે.

મોતીશા અને ડાહીબહેનનું રમણ [illegible]

મુંબઈ સમાચારની ભૂગોળનો ફુંક સાર. ૮ । ૭

ભાવનગર—શા. પુરશોતમ વી. ગીગાભાઈ ઠા. પેરગના ફરેવાળ બાહેર તથા શા. ધાનાચંદ તેજ [illegible] ઠા. નવી શાખ બજારમાં તથા ભાગાભાઈ વનમાળી [illegible] ઠા. સ્કુલમાં. ઘોઘા—ભાઈ હરીચંદ વી. અમીચંદ તથા શાહ શ્રી. અનીચંદ વી. મગનલાલ ઠા. બજારમાં

મહુવા—પરમાણંદ અભેચંદ.

દાઠા—ગાંધી ભગવાન લાધા ઠા. [illegible]માં.

મુંબઈ જમનાદાસ ભગવાનદાસની કું૦

(સહી) શા. પુરશોતમ વી૦ ગીગાભાઈ તથા ચોહુરે.

અબ્દુલહુસેન આદમજી ઠેકાણું રાયપરીને દરવાજે [illegible] બાગ પાસે બુકસેલર.

«ભાવનગર.»